Extra No. 268

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, JULY 17, 2025 / ASHADHA 26, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખઃ ૩જી જૂન, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ/૨૦૨૫/૧૧૯/એમ/આરડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૩/૧૦૩૫/એચ. નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૮માં સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Surveyor, Class III, Recruitment Rules, 2015

સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જૂન, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએચએમ/૨૦૨૫/૧૧૯/એમ/આરડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૩/૧૦૩૫/એચ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, ખંડ (ક)માં,-

(૧) "સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી" એ શબ્દોને બદલે, "ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવ્યા પ્રમાણે બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, 'સારા' નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી" એ શબ્દો મૂકવા;

(૨) પેટા-ખંડ (૧)માં, "અથવા ડેટા એન્ટ્રી ઓપરેટર" એ શબ્દો કમી કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩-માં, ખંડ (ખ)માં,-

(૧) પેટા-ખંડ (૨)માં, "એક/બે વર્ષનો સર્વેયર્સ (મોજણીદાર)નો અભ્યાસક્રમ" એ શબ્દોને બદલે, "એક/બે વર્ષનો સર્વેયર (મોજણીદાર)નો અભ્યાસક્રમ" એ શબ્દો મૂકવા;

(૨) પેટા-ખંડ (૨) પછી, નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ સિવિલ એન્જિનિયરીંગમાં સ્નાતકની પદવી ધરાવતો ઉમેદવાર અરજી કરવાને પાત્ર થશે નહિ".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રેરક જે. પટેલ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.23 22:00:49 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar